જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૪/૨૦૧૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૮૩૯/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૩૪૪ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૪૦/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન ખેંચી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૮૪૧/૧૫

બાપુનગરઃ મંજુલાબહેન વિશ્વનાથ દરવી (ઉ.વ.૫૪) (રહે.મેઘાણીનગર શાકમાર્કેટ મેઘાણીનગર) તા.૨૬/૪/૧૫ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે બાપુનગર ડી-માર્ટ આગળ ગોવર્ધન હોટલની સામેથી ઓટોરીક્ષામાં બેસી મેમ્કો ચાર રસ્તા તરફ જઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મંજુલાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૭,૭૫૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મંજુલાબહેન દરવીએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી ડી ચૌધરી ચલાવે છે.

ગુમ થવા બાબતઃ- સમાચાર યાદી નં.૮૪૨/૧૫

| | |
|---|---|
| મેઘાણીનગર : મીનાબહેન મુકેશભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૩)(રહે. રામચંદ્ર કોલોની ચમનપુરા મેઘાણીનગર) તા.૧૦/૪/૧૫ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ભાઈના ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા-ગુલાબી રંગનો મારવાડી ડ્રેસ પહેર્યો છે. દાઢીના ભાગે તલ છે. ઉંચાઇ ૫ ફુટ ૪ ઇંચ છે. (મેઘાણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૬૮૧૫૫૫) |  |
| ઓઢવઃ હર્ષિલબહેન રવિન્દ્રભાઈ લેઉવા (ઉ.વ.૨૦) (રહે.ગીતાનગર સોસાયટી વિરાટનગર ઓઢવ) તા.૧૦/૪/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ ટોપ અને કાળા રંગનો પાયજામો પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| ગાયકવાડ હવેલીઃ ચંદુભાઈ ચેતનભાઈ પરમાર (ઉ.વ.૩૫) (રહે. રાયખડ જવાહર ચોક જમાલપુર) તા.૧૨/૪/૧૫ બપોરના ૪/00 વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગની ટી-શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. જે અસ્થિર મગજના છે.ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે.(ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૩૯૦૬૫૫) |  |
| વટવાઃ મુબીનાબાનુ ઈમ્તીયાઝ મન્સુરી (ઉ.વ.૧૭) (રહે. મગદુમનગર સૈયદવાડી પાછળ વટવા) તા.૧૦/૪/૧૫ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનો ટપકાવાળો ટોપ અને આસમાની રંગનો પાયજામો પહેર્યો છે. ડાબા ગાલ ઉપર મસ છે. ઉંચાઈ ૫ ફુટ ૩ ઈંચ છે.( વટવા પોલીસ સ્ટેશન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| સેટેલાઈટઃ રંજનબહેન અમૃતલાલ મકવાણા (ઉ.વ.૧૯)(રહે.ગોકુલ આવાસ પૃથ્વી ટાવરની બાજુમાં સેટેલાઈટ) તા.૬/૪/૧૫ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. લીલા રંગનો કાળા ટપકાવાળો જબ્ભો અને લાળા રંગની ચુંદડી તથા લેંઘી પહેરી છે. દાઢીના ભાગે ખીલનુ ચાઠુ છે તેમજ હાથના અંગુઠા ઉપર અંગ્રેજીમાં આર કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (સેટેલાઈટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૬૧૩૩૩) |  |
| ઓઢવઃ પુષ્પાબહેન ધરમચંદ ગુર્જર (ઉ.વ.૩૫) (રહે.ચંદ્ર સોસાયટી રાજેન્દ્રપાર્ક વેરા પાસે ઓઢવ) તા.૨/૪/૧૫ બપોરના ૧/00 વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને રંગે ગોરા છે. લાલ રંગની સાડી,બ્લાઉઝ અને ચણીયો પહેર્યા છે. ઉંચાઈ ૫ ફુટ છે. (ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| ઓઢવઃ સંજયભાઈ ઈશ્વરભાઈ મકવાણા (ઉ.વ.૨૬) (રહે.જય રણછોડ સોસાયટી રબારી વસાહત ઓઢવ) તા.૧૨/૨/૧૫ કલાક ૬/00 વાગ્યાના સુમારે બાલ કપાવવા જવાનુ કહી પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગનો ચોકડીવાળો શર્ટ અને વાદળી રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)